## જન્મદિને વધામણી



દેવીન્દ્રાબેન સુથાર
ફોન : ૨૩૨૨૫૧૯૯



યશ્વી કમલેશકુમાર ચૌહાણ
મો. ૯૫૩૭૮ ૯૭૯૧૨



ધનરાજ બિહોલા
મો. ૯૫૩૭૮ ૯૭૯૧૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ બૅન્કની મુલાકાતે







(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રેરણા વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓ માટે બૅન્કની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ બૅન્કની કાર્યવાહી અંગે પ્રત્યક્ષ માહિતી મેળવી શકે તે માટે તેમને બૅન્ક ઑફ ઈન્ડિયા, ગાંધીનગર શાખા ખાતે મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બૅન્ક ઑફ ઈન્ડિયાના આસિ. જનરલ મેનેજર બિમલ ગઢવાલે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ઉમળકાથી આવકાર્યા હતા. બૅન્કમાં ખાતું કેવી રીતે ખોલાવી શકાય, ફોર્મ કેવી રીતે ભરાય, ચૅક, ફિક્સ ડિપોઝીટ, લોકર તેમજ ઈ-બૅન્કિંગ વિશેની માહિતી વિદ્યાર્થીઓએ બૅન્કમાંથી મેળવી હતી તથા આ અંગેની સઘળી કાર્યવાહી પ્રત્યક્ષ નિહાળી હતી. વિદ્યાર્થીઓને આ માહિતી ચીફ મેનેજર હેમેન્દ્ર પાઠક, મેનેજર અરવિંદ મોદી અને આસિ. જલ્પા તબિયાર દ્વારા પૂરી પાડવામાં આવી હતી. તેમણે આ અંગે વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા. બાળકોને બૅન્ક તરફથી ભેટ અને નાસ્તો આપીને વિદાય અપાઈ હતી.

# ગુજરાત ટુરિઝમ દ્વારા હાઉસકીપિંગ વર્કશૉપ યોજાયો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૭

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના હોમ સાયન્સ વિભાગ, ગુજરાત ટુરીઝમ તથા ઓકબ્રુક બિઝનેસ સ્કૂલના સૌજન્યથી ત્રણ દિવસ માટે હૉટલ ઈન્ડસ્ટ્રીઝ હાઉસકીપિંગ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ત્રણ દિવસીય વર્કશૉપમાં વિષય તજ્જ્ઞ પ્રા. આધેશકુમાર કર્વ દ્વારા વિદ્યાર્થીઓને હાઉસકીપિંગ વિષય અંતર્ગત વિવિધ પ્રકારની સફાઈ, હૉટલના વિવિધ રૂમ, તેના લે-આઉટ્સ, પર્સનલ ગ્રુમિંગ તથા હોટલ ઈન્ડસ્ટ્રીમાં વિવિધ વ્યાવસાયિક તક વિશે રસપ્રદ માહિતી ૫વામાં આવી હતી. ત્રણ દિવસના અંતે વિદ્યાર્થીને ગુજરાત ટુરીઝમ તરફથી પ્રમાણપત્ર કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. કૉલેજમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ વર્કશૉપનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. પ્રતિમાબેન છનિયારા તથા હોમસાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### શિવરંજની દ્વારા

# ‘કરિશ્મા એ નૌશાદ-મદનમોહન’ નામે શનિવારે જૂનાં ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

‘શિવરંજની’ સંસ્થા દ્વારા જૂનાં અને સુરીલાં ગીતોનો કાર્યક્રમ આગામી તા. ૧૯ માર્ચને શનિવારના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ‘કરિશ્મા એ નૌશાદ-મદનમોહન’ નામનો આ કાર્યક્રમ શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે સંસ્થાના આ વર્ષના અંતિમ કાર્યક્રમ તરીકે પ્રસ્તુત કરવામાં આવશે. કાર્યક્રમમાં શોભના શંકર, ધીરૂભાઈ દેસાઈ, પરાગી પરમાર, વિશ્વનાથ બાટુંગે, રાકેશ દવે, આશુતોષ આર્ય જેવા કલાકારો ભાગ લઈ રહ્યા છે. શિવરંજની સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલીને ધ્યાને લઈને ઉચ્ચ કક્ષાનાં ગીતો અને એને ન્યાય આપી શકે તેવા કલાકારો દ્વારા ગોલ્ડન ગીતોના આ ખાસ કાર્યક્રમની પસંદગી કરવામાં આવી છે, જેમાં સંગીત સંદીપ ક્રિશ્ચિયન દ્વારા અને કાર્યક્રમ સંચાલન મોહસીન શેખ દ્વારા કરવામાં આવશે.

ગત વર્ષ દરમ્યાન યોજાયેલ કાર્યક્રમો હજી ગુણીજનોનાં સ્મરણ પર રમી રહ્યાં છે ત્યારે આવી જ કક્ષાના કાર્યક્રમો નવા વર્ષે પણ માણી શકાય એ માટે સંસ્થાનું સભ્યપદ મેળવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગાંધીનગરના તમામ ગુણીજનોને શક્ય તેટલા વહેલા સંસ્થાનું સભ્યપદ રિન્યૂ કરાવી લેવા, મેળવી લેવા તેમણે અપીલ કરી છે. સંસ્થાના આગામી કાર્યક્રમ પ્રસંગે પણ સભ્યપદ મેળવી શકાશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન
(અંગ્રેજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦,
૧૦.૦૦
**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

# સ્કૂલ ઑફ અચીવરના વિદ્યાર્થીઓ આઈઆઈટીની મુલાકાતે





સ્કૂલ ઑફ અચિવર, કુડાસણના ધોરણ-૯ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ વિજ્ઞાન દિવસ નિમિત્તે ગાંધીનગર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી (આઈઆઈટી)ની મુલાકાત લીધી હતી. કુલ ૨૨૬ વિદ્યાર્થીઓએ અહીં અવનવા પ્રૉજેક્ટ્સ નિહાળ્યા હતા તથા સાયન્સ, મૅથ્સ ક્વિઝ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

### ૧૦ કરોડ યુવાનોને શૈક્ષણિક અભ્યાસક્રમ મારફતે

# સાયબર ક્રાઈમનો સામનો કરવા સજ્જ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ડીજીટલ યુગમાં વધતી જતા સાયબર થ્રેટના દુષણને દૂર કરવા માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ નેટવર્ક ટેકનોલોજી (આઈએએનટી) એ યુવાનોનું સશક્તિકરણ કરવાની જવાબદારી લીધી છે.

વર્ષ ૨૦૨૦ સુધીમાં દેશના ઓછામાં ઓછા ૧ કરોડ અને વધુમાં વધુ ૧૦ કરોડ યુવાનોને શૈક્ષણિક અભ્યાસક્રમ મારફતે સ્માર્ટ ફોન્સ અને ઈન્ટરનેટના વપરાશમાં સાયબર ક્રાઈમનો સામનો કરવા માટે સજ્જ કરાશે. આ કારણે દેશમાં સાયબર સિક્યોરિટી પ્રોફેશનલ્સની માંગ અને પૂરવઠા વચ્ચેનું અંતર ઘટશે. સાયબર ક્રાઈમ અંગેની લડતને વ્યૂહાત્મક રીતે ડીઝાઈન કરાયેલા અભ્યાસક્રમ દ્વારા સાયબર ક્રાઈમ સામેની લડત તરીકે સર્ટિફાઈડ સિક્યોર કોમ્પ્યુટર યુઝર (સીએસસીયુ) માટે ઈસી-કાઉન્સિલ સાથે મળીને વિનામૂલ્યે શિક્ષણ આપવામાં આવશે.

આ ઝૂંબેશ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડીજીટલ ઈન્ડિયા અભિયાનને એક કદમ આગળ વધારીને મેક ઈન ઈન્ડિયાને મજબૂત બનાવાશે. સીએસસીયુ સિક્યોરિટીનું પાયાનું શિક્ષણ આપશે અને ઓપરેટીંગ સિસ્ટમને કઈ રીતે સલામત, એન્ટી-વાયરસના અસરકારક ઉપયોગ દ્વારા સજ્જ બનાવીને ડેટા એન્ક્રિપ્શન, ડેટા બૅકઅપ અને ડિઝાસ્ટર રિકવરી, ઈન્ટરનેટ સિક્યોરિટી, સલામત ઓનલાઈન ટ્રાન્ઝેક્શન્સ અને ઈમેલ કોમ્યુનિકેશન્સ દ્વારા સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ઉપર પાયાની સલામતિ હાંસલ કરવામાં આવશે.

આ અભ્યાસક્રમ સોશ્યલ એન્જીનિયરીંગની આસપાસના વિષયોને આવરી લેશે અને આઈડેન્ટીટી થેફ્ટ, ઈન્ફોર્મેશન સિક્યોરિટી, લીગલ કોમ્પલાયન્સ મેઝર્સ તથા મોબાઈલ ડિવાઈસ સિક્યોરિટીની નવા પાસાંઓને આવરી લેશે. આઈએએનટીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર, શ્રી આર.એફ.ખેરાની જણાવે છે કે આઈએએનટી એ આંતરરાષ્ટ્રિય સ્તરે જાણિતી આઈટી સંસ્થા છે અને આઈટી ક્ષેત્રે સમગ્રલક્ષી તાલિમ અને તેના વિવિધ પાસાંઓને આવરી લે છે. હેકીંગના દૂષણ સામે જાગૃતિ જરૂરી છે.

વિવિધ ગેઝેટસનો ઉપયોગ વધી રહ્યો છે અને યુવાનો સોશ્યલ નેટવર્કીંગ ઉપર અગાઉ કરતાં વધુ પ્રમાણમાં કામ કરતાં થયા છે. ઘરના સ્થળે કે કામના સ્થળે ઈન્ટરનેટ આપણાં જીવનમાં ઊંડાણ સુધી પ્રવેશી ગયું છે અને સાથે સાથે ઘણી ખામીઓ પણ ઊભી થઈ છે. અમારો ઉદ્દેશ સીએસસીયુ મારફતે ઝીરો-કોસ્ટ ટ્રેનિંગ પૂરી પાડીને સાયબર ટ્રેપમાં ફસાતાં અટકાવવાનો છે. આનાથી દેશને મોટો ફાયદો થશે.

### વિસનગર ખાતે

# રવિવારે તુરી-બારોટ વિદ્યાર્થીઓ માટે તાલીમ શિબિર

ગાંધીનગર, તા. ૧૭

તુરી-બારોટ સમાજના વિદ્યાર્થીઓ માટે તાલીમ શિબિરનું જે કાર્ય યુવા સંગઠન દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે અંતર્ગત ગત માસમાં સિધ્ધપુર પાસેના નળાસર મુકામે તાલીમ શિબિરનું આયોજન થયેલ. જેમાં ૧૪૩ વિદ્યાર્થીઓને તજજ્ઞ દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતુ.

આ કાર્યને આગળ ધપાવતા તારીખ ૨૭ માર્ચ ૨૦૧૬ને રવિવારના રોજ વિસનગર મુકામે યુવા સંગઠન દ્વારા અને ખાસ ‘મહેસાણા જિલ્લા તુરી બારોટ સમાજ ઉત્કર્ષ મંડળ’ના સહયોગથી સમાજના વિદ્યાર્થીઓ માટે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમમાં ઓછામાં ઓછી ધોરણ ૧૦ પાસની લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ તાલીમનો સમયગાળો આશરે બે કલાકનો રહેશે. જેમાં તજજ્ઞ દ્વારા સાંપ્રત સમાજમાં ઈન્ટરવ્યુની વ્યુહ રચના, પર્સનાલીટી ડેવલપમેન્ટ, ડ્રેસીંગ સેન્સ, બોડી લેંગ્વેજ, બાયોડેટા કેવી રીતે બનાવવો ઉપરાંતના વિષયો પર નિ:શુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે.

ઉપરોક્ત શિબિરમાં દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં જોડાઈને આ તાલીમનો લાભ લેવા યુવા સંગઠનના તમામ સભ્યો વતી પ્રમુખશ્રી રાકેશભાઈ બારોટ તથા સહમંત્રીશ્રી કેતનભાઈ ચૌહાણે વિનંતી કરી છે.


તાલીમ અને રજીસ્ટ્રેશન માટે બિપીનભાઈ ચૌહાણ, પ્રવક્તા અને સંગઠન મંત્રી, મો. ૯૬૮૭૬૨૮૪૭૯, જગદીશભાઈ પરમાર, પ્રમુખ, ધનજીભાઈ જાદવ, મહામંત્રી, મો. ૮૪૯૦૮૭૧૯૪૬ નો સંપર્ક કરવા જણાવાયું છે.

તાલીમનું સ્થળ જી.આઈ.ડી.સી.હોલ, કાંસા ચોકડી, ગોપાલ વે-બ્રીજ પાસે, વિસનગર ખાતે છે, સમય બપોરે ૧૨ કલાકે રાખવામાં આવેલ છે.

# મૈં તુમ્હી સે પૂછતી હું, મુઝે તુમસે પ્યાર ક્યૂં હૈ...

**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : બ્લેક કેટ
વર્ષ : ૧૯૫૯
નિર્માતા : સિપ્પી ફિલ્મ્સ લિમિટેડ, બમ્બઈ
નિર્દેશક : એન એ અન્સારી
સંગીતકાર : એન દત્તા
ગીતકાર : જાંનિસાર અખ્તર
ગાયક : લતા મંગેશકર, મોહંમદ રફી, સુમન કલ્યાણપુર
મુખ્ય કલાકાર : બલરાજ સાહની, મીનુ મુમતાઝ
સહાયક કલાકાર : એન એ અનસારી, જ્હોની વૉકર, શમ્મી, નીલોફર, હરિ શિવદાસાની, ટુનટુન, રાજકુમાર




આ ફિલ્મ માટે લતા મંગેશકરે ગાયેલું ગીત

મૈં તુમ્હી સે પૂછતી હું,
મુઝે તુમસે પ્યાર ક્યૂં હૈ,
કભી તુમ દગા ન દોગે,
મુઝે ઐતબાર ક્યૂં હૈ...
મુઝે ક્યું પુકારતી હૈ,
યે જવાં જવાં ફિઝાએં,
મુઝે મિલ ગઈ કહાં સે,
મૈં હસીં હસીં અદાએં,
મેરે દિલ પે આજ છાઈ,
યે નઈ બહાર ક્યૂં હૈ,
મૈં તુમ્હી સે પૂછતી હું...
જો કદમ ઉઠા રહી હૂં,
વો કદમ બહક રહા હૈ,
મિલી તુમસે ક્યા નિગાહેં,
મેરા દિલ ધડક રહા હૈ,
મેરે દિલ પે હાથ રખ દો,
તુમ્હેં ઈંતઝાર ક્યૂં હૈ,
મૈં તુમ્હી સે પૂછતી હું...
તુમ સામને હો મેરે,
મૈં જિધર નઝર ઉઠાઉં,
તુમ્હે ભૂલના ભી ચાહૂં,
તો કભી ના ભૂલ પાઉં,
મૈં તુમ્હી સે પૂછતી હું...

હિન્દી ફિલ્મ જગતમાં પ્રણય ગીતોની ભરમાર છે. મનુષ્ય જીવનમાં, આ સૃષ્ટિના સંચાલન માટે સ્ત્રી અને પુરુષનું મિલન જરૂરી છે. સૃષ્ટિના સર્જનહારની લીલાને સમજવી દુષ્કર છે. એક જમાનો હતો, જ્યારે પ્રેમની અભિવ્યક્તિની પહેલ પુરુષ કરતો. જ્યારે સ્ત્રી પોતાને મનગમતો માણિગર મળે ત્યારે તે પોતાનું જીવન ધન્ય માને છે. સુવર્ણયુગની ફિલ્મોમાં ગીતકારોએ એવાં અનેક ગીતો લખ્યાં છે જેના દ્વારા ફિલ્મની મુખ્ય અભિનેત્રી અદભૂત ગીતો ગાય છે અને આવાં ગીતોની તર્જ પણ સંગીતકારોએ અવિસ્મરણીય બનાવી છે. અનેક ગીતો છે, મારી પસંદગીનાં ગીતોની યાદી ખૂબ લાંબી છે.

ફિલ્મ પતિતામાં શૈલેન્દ્રનું લખેલું, શંકર જયકિશનની ધૂનનું, લતા મંગેશકરનું ગાયેલું તેમજ અભિનેત્રી ઉષાકિરણ પર ફિલ્માવવામાં આવેલું ગીત તેમાંનું એક છે : કિસીને અપના બનાકે મુઝકો મુસ્કુરાના સીખા દિયા...

આવું જ બીજું ગીત ફિલ્મ અનપઢનું છે. ગીતકાર છે રાજા મહેંદી અલી ખાં, સંગીતકાર છે મદનમોહન. લતા મંગેશકરના કંઠનો શ્રેષ્ઠ ઉપયોગ જે મદન મોહને કર્યો છે તે કાબિલે તારીફ છે. અભિનેત્રી માલાસિંહા ઉપર ફિલ્માવવામાં આવેલ આ ગીત પણ મને ખૂબ પ્રિય છે : આપકી નઝરોંને સમઝા, પ્યાર કે કાબિલ મુઝે...

ઉપર જણાવ્યું તેમ ફિલ્મ બ્લેક કૈટના સંગીતકાર છે એન દત્તા. હિન્દી ફિલ્મોના પોતાની પસંદગીના પ્રથમ દસ સંગીતકારોનાં નામ પૂછવાતી કદાચ કોઈ એન દત્તાનું નામ નહીં લે. તે જ રીતે આ ગીતના ગીતકાર છે જાંનિસાર અખ્તર, હિન્દી ફિલ્મોના પોતાના પસંદગીના પ્રથમ દસ ગીતકારોનાં નામ પૂછવાથી કદાચ કોઈ જાંનિસાર અખ્તરનું નામ પણ નહીં લે. પરંતુ લતા મંગેશકરનાં શ્રેષ્ઠ ગીતોની સંખ્યાનો કોઈ પાર નથી. પરંતુ આ ગીત ‘મૈં તુમ્હી સે પૂછતી હૂં...’ ખરેખર લાજવાબ છે.

# વાચકોને આમંત્રણ

## ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**‘મારા પપ્પા એટલે મારા પપ્પા’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે